



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૩ | ૧૪ મે, ૨૦૨૧, શુક્રવાર; વૈશાખ સુદ - ૩ | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં ધો.-૧૦ના છાત્રોને માસ પ્રમોશન

**કોરોના મહામારીની વ્યાપક અસરને જોતા સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય : રાજ્યની સરકારી-ખાનગી સહિતની કુલ ૧૦,૯૭૭ શાળાઓમાં ધોરણ-૧૦ના રેગ્યુલર વિદ્યાર્થીઓને આ માસ પ્રમોશન આપવામાં આવશે**

ગાંધીનગર, તા.૧૩

એસ.એસ.સી.માં નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન અપાશે. મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટિની બેઠકમાં રાજ્યના વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ વિશ્વવ્યાપી મહામારી કોરોનાના પ્રવર્તમાન સંક્રમણમાં રાજ્યમાં વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવાના સ્વાસ્થ્ય રક્ષા ભાવ સાથે કોરોનાની આ સ્થિતિમાં રાજ્યના ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ એસ.એસ.સી.ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના આ વર્ગના રસીકરણની કામગીરી પણ હાલ હાથ ધરવામાં આવી ન હોય. વિદ્યાર્થીઓના વિશાળ આરોગ્ય હિતમાં રાજ્ય સરકારે પરીક્ષા રદ કરવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોર કિમિટીની બેઠકમાં લીધેલા આ નિર્ણયની વિગતો આપતા કહ્યું કે, રાજ્યની ૧૨૭૬ સરકારી, ૫૩૨૫ ગ્રાન્ટ ઈન એઈડ, ૪૩૩૧ સેલ્ફ ફાઈનાન્સ અને અન્ય ૪૫ શાળાઓ મળી કુલ ૧૦,૯૭૭ શાળાઓમાં ધોરણ-૧૦ ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ માસ પ્રમોશન આપવામાં આવશે.

રાજ્ય સરકારે ગુજરાતમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ જે તા. ૧૦મી મે થી ૨૫ મી મે સુધી યોજાવાની હતી તે પ્રવર્તમાન કોરોના સંક્રમણની પરિસ્થિતીમાં મોકૂફ રાખવાનો નિર્ણય ગત તા.૧૫મી એપ્રિલે કરેલો છે. રાજ્ય સરકારે પરીક્ષા મોકૂફ રાખવાનો નિર્ણય ૧૫મી એપ્રિલે કર્યો ત્યારે એવું જાહેર કરેલું કે તા.૧૫મી મે એ કોરોના સંક્રમણ સ્થિતિનું આકલન કરીને પૂનઃ સમીક્ષા બાદ પરીક્ષાની નવી તારીખો વિદ્યાર્થીઓને તૈયારી માટે ઓછામાં ઓછા ૧૫ દિવસનો સમય આપીને જાહેર કરવામાં આવશે.

એટલું જ નહિ, ધોરણ ૧ થી ૯ અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ વર્ષે કોરોનાની સ્થિતીને અનુલક્ષીને માસ પ્રમોશન આપવાની જાહેરાત પણ અગાઉ રાજ્ય સરકારે કરેલી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. શિક્ષણ મંત્રીએ ઉમેર્યુ કે, રાજ્યમાં છેલ્લા બે અઠવાડિયાથી કોરોના કેસોમાં ઉત્તરોત્તર ઘટાડો અને હોસ્પિટલમાંથી કોરોનામુકત-સાજા થઈ ઘરે પરત ફરવાના કેસોમાં વધારો થઈ રહ્યો છે

આમ છતાં, દેશવ્યાપી સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં લેતાં રાજ્યના વિદ્યાર્થીઓના ભાવિને કોરોનાથી સુરક્ષિત રાખવા મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકાર કૃતસંકલ્પ છે. હવે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોર કમિટિની બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા અને વિચાર-વિમર્શ બાદ ધોરણ-૧૦ એસ.એસ.સી.ના નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓને આ વર્ષ પૂરતું માસ પ્રમોશન આપવાનો નિર્ણય કર્યો છે તેમ ચુડાસમાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના આ

# મહારાષ્ટ્રમાં પહેલી જૂન સુધી લોકડાઉન લંબાવાયું

**બહારથી મહારાષ્ટ્ર આવનારાએ પોતાની સાથે આરટી-પીસીઆર નેગેટિવનો રિપોર્ટ લઈને આવવું પડશે**

મુંબઈ, તા.૧૩

દેશમાં ચાલી રહેલી કોરોના વાયરસની બીજી લહેરને ઘાતક બનતી અટકાવવા માટે ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન સહિતના રાજ્યોમાં નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા છે. હવે કોરોના



વાયરસની મહામારી સામે લડવા માટે મહારાષ્ટ્ર સરકારે ૧ જૂન સુધી રાજ્યમાં લોકડાઉન લંબાવવાનો નિર્ણય કર્યો છે. સરકાર દ્વારા આ સાથે ગાઈડલાઈન્સ પણ જાહેર કરી છે, જેમાં મહત્વના દિશાનિર્દેશ કરવામાં આવ્યા છે. જૂના નિયમોની સાથે કેટલાક નવા નિયમો પણ જોડવામાં આવ્યા છે જેથી કોરોના વાયરસની ચેઈનને તોડી શકાય. મહારાષ્ટ્રમાં આવનારા તમામ લોકોએ આરટી-પીસીઆર નેગેટિવનો રિપોર્ટ લઈને આવવું જરુરી બની રહેશે. જે રિપોર્ટ મહારાષ્ટ્રમાં એન્ટ્રી કર્યાના ૪૮ કલાક પહેલાનો જ હોવો જોઈએ. નવા નિયમ પ્રમાણે દેશના કોઈ પણ ખુણામાંથી આવનારા લોકોએ પોતાની સાથે આરટી-પીસીઆર નેગેટિવનો રિપોર્ટ લઈને આવવું પડશે. દૂધના કલેક્શન અને તેના ટ્રાન્સપોર્ટ પર કોઈ પ્રતિબંધ નહીં લગાવવામાં આવે. જોકે, દુકાનો પર વેચવા દેવાની મંજૂરી સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નક્કી કરવામાં આવશે.

એરપોર્ટ અને પોર્ટ પર કામ કરનારા કર્મચારીઓ કે જેઓને કોવિડ સંબંધિત દવાઓ અને ઉપકરણો માટેની મહત્વની ડ્યુટી સોંપવામાં આવી છે, તેમને લોકલ ટ્રેન, મોનો રેલમાં મુસાફરી કરવાની છૂટ આપવામાં આવી છે.

# કોવિશિલ્ડના બે ડોઝ વચ્ચેનું અંતર ૧૨થી ૧૬ સપ્તાહ કરાયું

**કોરોના પોઝિટિવ થઈ ચુક્યા હોય તેવા લોકોને રિકવરીના ૬ મહિના બાદ કોરોના વેક્સિન અપાશે**

નવી દિલ્હી, તા.૧૩

કોરોના વેક્સિનની તંગી વચ્ચે વેક્સિનેશન માટે બનાવવામાં આવેલા રાષ્ટ્રીય તકનિકી સલાહકાર સમૂહ (એનટીએજીઆઈ)એ અનેક ભલામણો કરી છે. જેનો ભારત સરકારે મોડી રાત્રે સ્વીકાર કર્યો હતો. એનટીએજીઆઈના કહેવા પ્રમાણે કોવિશીલ્ડના ૨ ડોઝ વચ્ચેનું અંતર વધારીને ૧૨થી ૧૬ સપ્તાહ કરી દેવામાં આવે અને કોરોના પોઝિટિવ થઈ ચુક્યા હોય તેવા લોકોને રિકવરીના ૬ મહિના બાદ વેક્સિન લગાવવામાં આવે.

એનટીએજીઆઈએ એવું પણ સૂચન આપ્યું હતું કે, ગર્ભવતી મહિલાઓને કોઈ પણ કોરોના વેક્સિન લેવાનો વિકલ્પ આપવામાં આવે અને સ્તનપાન કરાવતી મહિલાઓને પ્રસુતિ બાદ કોઈ પણ સમયે વેક્સિન લગાવી શકાય છે. આ સાથે જ એનટીએજીઆઈએ એવું પણ કહ્યું હતું કે, સંક્રમિતોએ રિકવરીના ૬ મહિના બાદ સુધી કોરોના વેક્સિનેશનથી બચવું જોઈએ.

એનટીએજીઆઈની ભલામણ પહેલા ડૉક્ટર્સે કોરોના સંક્રમિતોને રિકવરીના ૩ મહિના બાદ વેક્સિન લગાવવાનું સૂચન આપ્યું હતું. સીડીસી યુએસની ગાઈડલાઈનમાં પણ કોરોનાથી રિકવર થયાના ૯૦ દિવસ બાદ વેક્સિન લગાવવાની સલાહ અપાઈ છે જેમાં હજુ કોઈ ફેરફાર નથી કરવામાં આવ્યો. આ સાથે જ એનટીએજીઆઈએ કોવિશીલ્ડના ૨ ડોઝ વચ્ચે ૧૨થી ૧૬ સપ્તાહના અંતરની ભલામણ કરી છે. હાલ કોવિશીલ્ડના ૨ ડોઝ વચ્ચેનું અંતર ૪થી ૮ સપ્તાહ જેટલું છે. પેનલ દ્વારા કોવેક્સિન માટે ડોઝના અંતરાલમાં કોઈ ફેરફારનું સૂચન નથી આપવામાં આવ્યું. એનટીએજીઆઈની ભલામણોને હવે રાષ્ટ્રીય નિષ્ણાતોના સમૂહ પાસે મોકલવામાં આવશે. હકીકતે નવા અભ્યાસમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, જો કોરોના વેક્સિનનો બીજો ડોઝ મોડો આપવામાં આવે તો તેનાથી કોવિડ-૧૯ સંક્રમણના કારણે મૃત્યુ ઓછા થશે.

# દેશમાં ૩૬૨૭૨૭ નવા કેસ

**એક દિવસમાં ૪૧૨૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા : કોરોનાની બીજી લહેરનો પ્રકોપ ઓછો થવાનું નામ નથી લેતો**

નવી દિલ્હી,તા.૧૩

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ ઓછો થવાનું નામ નથી લેતો. વચ્ચે કેસ ઘટ્યા બાદ હવે વળી પાછા વધવા લાગ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૩.૬૨ લાખથી વધુ કેસ નોંધાયા છે. જ્યારે ૪000થી વધુ લોકોના કોરોનાથી મોત નિપજ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે બહાર પાડેલા આંકડા મુજબ દેશભરમાંથી કોરોના વાયરસના નવા ૩,૬૨,૭૨૭ લાખ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૩૭,૦૩,૬૬૫ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૯૭,૩૪,૮૨૩ દર્દીઓ રિકવર થયા છે. જ્યારે ૩૭,૧૦,૫૨૫ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. કોરોનાના કારણે એક દિવસમાં ૪૧૨૦ દર્દીઓએ જીવ ગુમાવ્યા છે. આ સાથે કુલ મોતનો આંકડો ૨,૫૮,૩૧૭ પર પહોંચ્યો છે. એક દિવસમાં જો કે ૩,૫૨,૧૮૧ દર્દીઓએ કોરોનાને માત પણ આપી છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં કુલ



૧૭,૭૨,૧૪,૨૫૬ લોકોનું રસીકરણ કરાયું છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશભરમાં ગઈ કાલે ૧૮,૬૪,૫૯૪ કોરોના ટેસ્ટ કરાયા હતા. આ સાથે અત્યાર સુધીમાં દેશભરમાંથી કુલ ૩૦,૯૪,૪૮,૫૮૫ કોવિડ-૧૯ ટેસ્ટિંગ હાથ ધરાયા છે. ગુજરાતની વાત કરીએ તો રાજ્યના આરોગ્ય વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ એકવાર ફરીથી કોરોનાના કેસ વધતા જોવા મળ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૧૦૧૭ દર્દીઓ નોંધાયા છે. જો કે રિકવર થતા દર્દીઓનો આંક સતત વધી રહ્યો છે. એક દિવસમાં ૧૫૨૬૪ દર્દીઓ રિકવર થયા. જ્યારે ૧૦૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા.

# રશિયન વેક્સિન સ્પૂતનિક આગામી સપ્તાહે ભારતના બજારમાં મળશે

**કોરોના સામેના જંગમાં દેશને ત્રીજી વેક્સિન રૂપે શસ્ત્ર મળશે : રશિયાથી સિમિત પુરવઠો ભારત પહોંચી ગયો, આગામી સપ્તાહે વેચાણ માટે ઉપલબ્ધ હશે : ભારતમાં જુલાઈથી સ્પૂતનિક વેક્સિનનું ઉત્પાદન કરાશે**

નવી દિલ્હી, તા.૧૩

ભારતને આગામી સપ્તાહે કોરોના સામે જંગમાં વેક્સિન તરીકે ત્રીજુ હથિયાર મળી શકે છે. આગામી સપ્તાહે ભારતમાં રશિયામાં બનેલી સ્પૂતનિક વેક્સિન ઉપલબ્ધ થઈ શકે છે. નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે જણાવ્યુ કે, સ્પૂતનિક વેક્સિન ભારત પહોંચી ચુકી છે. મને તે જણાવતા ખુશી થઈ રહી છે અને આશા છે કે તે આગામી સપ્તાહે માર્કેટમાં હાજર થશે. અમને આશા છે કે રશિયાથી જે સીમિત સપ્લાય આવી છે, તે આગામી સપ્તાહે વેચાણ માટે ઉપલબ્ધ થશે. પોલે કહ્યુ કે, આ વેક્સિનનો અન્ય જથ્થો આવશે. તેમણે કહ્યું કે, ભારતમાં જુલાઈથી સ્પૂતનિક વેક્સિનનું ઉત્પાદન પણ શરૂ થવાનું છે. ભારતમાં સ્પૂતનિક વેક્સિનના ૧૫.૬ કરોડ ડોઝ તૈયાર કરવામાં આવશે. હાલ દેશમાં અત્યાર સુધી આશરે ૧૮ કરોડ કોરોના વેક્સિન આપવામાં આવી ચુકી છે. અમેરિકામાં સૌથી વધુ ૨૬ કરોડ ડોઝ લાગ્યા છે. ભારત કોરોના રસીના મામલામાં ત્રીજા સ્થાને છે. પોલે કહ્યુ કે, અમને ખુશી છે કે દેશમાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના એક તૃતિયાંશ લોકોને કોરોનાનું સુરક્ષા કવચ આપી દેવામાં આવ્યું છે. ૪૫ કે તેનાથી વધુ ઉંમરના ૮૮ ટકા લોકોના




કોરોનાને કારમો મોત થયા છે. તેવામાં આ ઉંમર વર્ગના લોકોનું રસીકરણ જરૂરી હતું અને તેના પર પહેલા ફોકસ કરવામાં આવ્યું છે.

તો સ્વાસ્થ્ય મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી લવ અગ્રવાલે કહ્યુ કે, દેશમાં ૧૮૭ જિલ્લામાં કોરોનાના કેસોમાં છેલ્લા બે સપ્તાહથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ઉત્તર પ્રદેશ, દિલ્હી જેવા રાજ્યોમાં પોઝિટિવિટી રેટ ઓછો થયો છે.

# ઈઝરાયેલ અને હમાસમાં રૉકેટ હુમલા યથાવત્: ગાઝામાં ૬૫ અને ઈઝરાયેલમાં ૭ના મોત

ગાઝા,તા.૧૩

ઈઝરાયેલ અને ફિલિસ્તાઈનના સંઘર્ષ વચ્ચે ગાઝામાં મોતનો આંકડો ૬૫ સુધી પહોંચી ગયો છે. વળી, ઈઝરાયેલમાં ૭ લોકોના મોત થઈ ગયા છે. હમાસના નવા હવાઈ હુમલાથી બંને વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ થઈ ગઈ છે. ફિલિસ્તાઈન સંગઠન હમાસ અને યેરુસલેમ વચ્ચેની હિંસાએ દુનિયાભરને ચિંતામાં મૂકી દીધુ છે. બંને તરફથી સતત રૉકેટ હુમલા ચાલુ છે. ઈઝરાયેલના હવાઈ હુમલાથી ગાઝાની એક બહુમાળી ઈમારત જમીનમાં ધ્વસ્ત થઈ ગઈ છે. આના જવાબમાં હમાસે વધુ રૉકેટ છોડવાની ચેતવણી આપી છે. અલ જજીરા મુજબ ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઉગ્રવાદી સંગઠન હમાસનો ગાઝા સિટી કમાંડર બસમ ઈસા માર્યો ગયો છે. હમાસ સમૂહે આની પુષ્ટિ કરી છે. બસમ ઈસા હમાસનો અત્યાર સુધીનો સૌથી મોટો અધિકારી હતો.

ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં માર્યા ગયેલા ફિલિસ્તાનીઓની સંખ્યા ૬૫ થઈ ગઈ છે. જેમાં ૧૬ બાળકો અને ૫ મહિલાઓ શામેલ છે. હુમલામાં ૮૬ બાળકો અને ૩૯ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૩૬૫ લોકો ઘાયલ થયા છે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલ આ લડાઈ ૨૦૧૪ની ગરમીઓમાં ૫૦ દિવસ ચાલેલા યુદ્ધથી પણ વધુ ખતરનાક લાગી રહી છે. રિપોર્ટ્સ મુજબ હમાસના કબ્જાવાળા ગાઝાથી છેલ્લા બે દિવસમાં સુધી લગભગ એક હજારથી વધુ રૉકેટ છોડવામાં આવ્યા છે.

જો કે ઈઝરાયેલે પોતાના આયરન ડોમ ડિફેન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને પોતાની મોટી વસ્તીને સુરક્ષિત કરી લીધી છે. પરંતુ ટેકનિકલ ખરાબીના કારણે અમુક રૉકેટ આનાથી બચી નીકળ્યા હતા અને જમીન પર પડી ગયા હતા.

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ**



સ્વ. ઈન્દુમતી નિમાવત
(રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક)
સ્વર્ગવાસઃ તા. ૧૪ મે, ૨૦૨૦

તમારો સ્નેહ, અમારું ઋણ
તમારી યાદ, અમારી મૂડી
તમારો પ્રેમ, અમારું ભાગ્ય
તમારું જીવન, અમારી પ્રેરણા
હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ

નૌતમલાલ જે. નિમાવત
સ્મિતા - કશ્યપ નિમાવત
પ્રતીક્ષા - કુંતલ નિમાવત
રિયા - પંચમ







**પ્રથમ માસિક પુણ્યતિથિ**



સ્વ. ગુણવંતીબેન બી. ઉપાધ્યાય
સ્વ. તા 14/4/2021

રડી પડે છે આંખો અમારી, જોઈ તસવીર તમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી. અમારા હૃદયમાં તમારા સ્મરણો અંકિત છે. નિસ્વાર્થ સેવા અને પરોપકારની ભાવના સાથે જીવન એવું જીવ્યા છે કે આજીવન કુટુંબ માટે પથદર્શક અને પ્રેરણા સ્વરૂપ બની રહેશો.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. બાલકૃષ્ણ જી. ઉપાધ્યાય (પતિ)

| | | | |
|---|---|---|---|
| સ્વ. અરુણ બી. ઉપાધ્યાય | (પુત્ર) | ઇલાબેન એ. ઉપાધ્યાય | (પુત્રવધુ) |
| હરેશ બી. ઉપાધ્યાય | (પુત્ર) | ચંદ્રિકા એચ. ઉપાધ્યાય | (પુત્રવધુ) |
| હિતેન્દ્ર બી. ઉપાધ્યાય | (પુત્ર) | મીતા એચ. ઉપાધ્યાય | (પુત્રવધુ) |
| રશ્મિકુમાર પી. ઉપાધ્યાય | (જમાઈ) | ઉષા આર. ઉપાધ્યાય | (પુત્રી) |
| મૌલિક એ. ઉપાધ્યાય | (પૌત્ર) | ધારાએસ. ઉપાધ્યાય | (પૌત્રી) |
| ધવલ એ. ઉપાધ્યાય | (પૌત્ર) | કૃતિ કે. ભટ્ટ | (પૌત્રી) |
| હર્ષ એચ. ઉપાધ્યાય | (પૌત્ર) | વ્યોમા એચ. ઉપાધ્યાય | (પૌત્રી) |
| ધારિન એચ. ઉપાધ્યાય | (પૌત્ર) | | |